समग्र शिक्षा
Samagra Shiksha

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટરની કચેરી
સમગ્ર શિક્ષા, શાળા ક્રમાંક– ૧૯, ડચ ગાર્ડન રોડ,
નાનપુરા, સુરત.
ફોન/ફેકસ નં. ૦૨૬૧ ૨૫૯૪૮૧૮
E mail : - dpcsurat@gmail.com
Toll Free no. 1800 233 4820

નં.જિ.પં.શિ.સ. એસ.એસ.એ./CIVIL/૨૦૨૪-૨૫/ તા. 13/10/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી તમામ,
અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા( યાદી મુજબ)
જિ-સુરત

વિષય: મિશન સ્કુલ્સ ઓફ એક્સેલેન્સ ૨.0 અંતર્ગત રાજ્યની અનુદાનિત માધ્યમિક અનેઉચ્ચતર માધ્યમિક શાળાઓને માળખાકીય સુવિધા માટે આર્થિક સહાય આપવા બાબત.

સંદર્ભ: (૧) માન.નાયબ સચિવ, શિક્ષણ વિભાગ ગુજરાત સરકારનો વહીવટી મંજૂરીનો ઠરાવ ક્રમાંક નંબર ED/GBM/e-file/3/2023/5028/G સચિવાલય, ગાંધીનગર તા.08.08.2025 પત્ર.
(૨) માન.સચિવશ્રી, સમગ્ર શિક્ષા,ગાંધીનગરનો ક્રમાંક: એસએસ/સિવિલ/૨૦૨૫/૫૩૮૮૪-૯૧૮ તા. ૨૦/૯/૨૦૨૫
(૩) માન.સચિવશ્રી, સમગ્ર શિક્ષા,ગાંધીનગરનો ક્રમાંક: એસએસ/સિવિલ/૨૦૨૫/૫૮૨૧૨ -૨૪૭ તા. ૮/૧૦/૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આથી જણાવવાનું કે, રાજ્યની સરકારી શાળાઓની જેમ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર શાળાઓની માળખાકીય સુવિધાઓને સુદ્રઢ કરવાં માટે આર્થિક સહાય આપવાની બાબતે સરકારશ્રીનો શિક્ષણ વિભાગ તરફથી સંદર્ભ પત્રથી થયેલ ઠરાવ ક્રમાંકમાં જણાવ્યા મુજબ મુજબના ધારા ધોરણમાં આવતી શાળાઓની માળખાકીય સુવિધા માટે સહાયની જરૂર હોય તેવી શાળાઓએ ખૂટતા વર્ગખંડોના બાંધકામ અને મેજર રીપેરીંગ/ રીનોવેશનના કામ માટેની માળખાકીય સુવિધાઓની જરૂરિયાત જણાતી હોય તેવી શાળાઓએ સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં અરજી કરવાની રેહશે. વિવિધ પ્રકારની માળખાકીય સુવિધાઓ માટે આર્થિક સહાયના ધોરણો અને સહાય આપવાની કાર્ય પદ્ધતિ ઠરાવમાં જણાવ્યા મુજબ રહેશે.

ઉપરોક્ત બાબતે માળખાકીય સુવિધાઓની માટેની સહાય આપવાની કાર્યપદ્ધતી મુજબ આર્થિક સહાય મેળવવા ઇચ્છતી શાળાઓએ મોડામાં મોડા તા. ૩૧/૧૦/૨૦૨૫ સુધીમાં નિયત નમૂનામાં તે અંગેની દરખાસ્ત અત્રેની કચેરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ: (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના ઠરાવની નકલ
(૨) દરખાસ્ત પત્રકનો નમુનો

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિ. સુરત

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

समग्र शिक्षा
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
વિદ્યા સમિક્ષા કેન્દ્ર સેકટર- ૧૯,
ગાંધીનગર--૩૮૨૦૧૭
ફોન નં. ૦૭૯.૨૩૨૪૩૧૩૩, ૨૯૬૩૮૪૦૪
Email: ssamcivilgcpe@gmail.com
Website: www.ssagujarat.org
સિવિલ હેલ્પલાઇન નં. ૦૭૯-૨૨૮૮૦૦૫૧

ક્રમાંક : એસએસ/સિવિલ/ ૨૦૨૫/પત્ર૧૨-૨૪૭ તા. ૮/૧૦/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી
જિલ્લાઃ તમામ

વિષયઃ મિશન સ્કુલ ઓફ એકસેલન્સ ૨.૦ અંતર્ગત રાજયની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને માળખાકીય સુવિધા માટે આર્થિક સહાય આપવા બાબત...(સમયમર્યાદા વધારવા)

સંદર્ભઃ ૧). શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ઠરાવ ક્રમાંકઃ ED/GBM/e-file/3/2023/5028/G, તા. ૦૮.૦૮.૨૦૨૫

૨). અત્રેની કચેરીનો પત્ર ક્રમાંકઃ એસએસ/સીવીલ/૫૩૮૮૪-૯૧૮, તા. ૨૦.૦૯.૨૦૨૫

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ બાદ વિદ્યાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તે બાબત સુનિશ્ચિત કરવાની ભલામણો કરેલ છે. શાળાકીય શિક્ષણમાં ગુણવત્તાયુક્ત પરિવર્તન કરવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા ખૂબ અસરકારક અને પરિણામલક્ષી કામગીરી થઇ રહી છે જેમાં ખાસ કરીને મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ અંતર્ગત રાજ્યમાં સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં આમૂલ પરિવર્તન થઇ રહ્યું છે. રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખૂબ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને શિક્ષણ વિભાગ દ્વારા લેવામાં આવી રહેલ અનેક પરિણામલક્ષી પગલાંઓને લીધે અનુદાનિત શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં આવનાર સમયમાં ખૂબ વધારો થવાની સંભાવના છે. જેથી સરકારી શાળાઓની જેમ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માળખાકીય સુવિધાઓને સુદ્રઢ કરવા માટે આર્થિક સહાય આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

સંદર્ભિત ઠરાવ ધ્વારા મુદા નં ૫ માં માળખાકીય સુવિધાઓ માટેની સહાય આપવાની કાર્યપધ્ધતિ મુજબ આર્થિક સહાય મેળવવા ઇચ્છતી શાળાઓએ મોડામાં મોડા જે તે વર્ષની ૩૦ સપ્ટેમ્બર સુધીમાં નિયત નમૂનામાં તે અંગેની દરખાસ્ત સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને કરવા માટે જણાવેલ. વર્ષ ૨૦૨૫-૨૬ માટે જ ખાસ કિસ્સામાં તા. ૩૧.૧૦.૨૦૨૫ સુધી મુદત વધારવામાં આવેલ છે.

સચિવ
સમગ્ર શિક્ષા,ગાંધીનગર

નકલ સવિનય રવાના
- પી એ ટુ. માન. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સમગ્ર શિક્ષા. ગાંધીનગર
- પી એ ટુ અગ્ર સચિવ, પ્રા. અને મા. શિક્ષણ વિભાગ

Scanned with CamScanner